નવરચિત ૦૭ જિલ્લામાં સમાવેશ પામેલ ૩૫ તાલુકાઓની બજેટ જોગવાઈ અને ગ્રાંટ બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:બજટ/૧૦૨૦૧૪/૬૯૬/ન-૧
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૬/૫/૨૦૧૪.

**વંચાણે લીધા :**

(૧) અત્રેનો તા.૨૮-૪-૨૦૧૪ના રોજનો પત્રક્રમાંકબજટ/૧૦૨૦૧૪/૨૯૯૬/ન-૧.

(૨) નાણાવિભાગનો તા.૮/૦૫/૨૦૧૪ના રોજનો પરિપત્ર ક્રમાંક : અપબ/૧૦૨૦૧૪/૧૦૩૧ક(બજેટ).

**પરિપત્ર : -**

વહીવટી સાનુકૂળતા અને પ્રજાહિતને ધ્યાને લેતાં સરકારશ્રી દ્વારા લેવાયેલ નિર્ણય અન્વયે વિભાગની લ-૧ શાખાના તા.૧૩-૮-૨૦૧૩ના જાહેરનામાથી નવા ૦૭ જિલ્લાની રચના કરવામાં આવેલ છે અને તા.૯-૯-૨૦૧૩ના જાહેરનામાથી નવા ૨૩ તાલુકાની રચના કરવામાં આવેલ છે. નવરચિત ૦૭ જિલ્લાની જિલ્લા કક્ષાની કચેરીઓ/પ્રાંત કચેરીઓ માટે અને ૨૩ નવરચિત તાલુકાઓ માટે વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં મુ.સ.૨૦૫૩-૦૦-૯૩-૦૧ અને ૨૦૫૩-૦૦-૦૯૪-૦૧ સદરે અત્રેથી આયોજન (PLAN) હેઠળ નવી બાબત તરીકે જોગવાઈ કરવામાં આવેલ અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ના લેખાનુદાન બજેટમાં આયોજન (PLAN) હેઠળ ચાલુ બાબત તરીકે જોગવાઈ કરવામાં આવેલ છે. અને નવરચિત જિલ્લાઓ ચાલુ નાણાકીય વર્ષમાં આ આયોજન સદરે ગ્રાંટ પણ ફાળવવામાં આવેલ છે.

નીચેના કોષ્ટકની વિગત ધ્યાને લેતાં આ જિલ્લા વિભાજનથી જુના જિલ્લાના ૩૫ તાલુકાઓ નવા જિલ્લામાં તબદિલ થયેલ છે.

| ક્રમ | નવરચિત જિલ્લાનું નામ | મુળ કયા જિલ્લા માંથી નવા બનાવાયા | નવરચિત જિલ્લાના તાલુકા (તબદિલ થયેલ /નવા ઉભા કરાયેલ ) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | દેવભૂમિ દ્વારકા | જામનગર | ભાણવડ |
| | | | કલ્યાણપુર |
| | | | ખંભાલીયા |
| | | | ઓખામંડલ(દ્વારકા) |
| ૨ | છોટા ઉદેપૂર | વડોદરા | છોટાઉદેપુર |
| | | | જેતપુર-પાવી |
| | | | ક્વાંટ |
| | | | નસવાડી |
| | | | સંખેડા |
| | | | બોડેલી |
| ૩ | ગીર સોમનાથ | જુનાગઢ | કોડીનાર |
| | | | તલાલા |
| | | | સુત્રાપાડા |
| | | | વેરાવળ |
| | | | ઉના |

| | | | |
|---|---|---|---|
| | | | ગીરગઢડા |
| ૪ | બોટાદ | અમદાવાદ અને ભાવનગર | બરવાળા |
| | | | રાણપુર |
| | | | બોટાદ |
| | | | ગઢડા |
| ૫ | અરવલ્લી | સાબરકાંઠા | ભીલોડા |
| | | | બાયડ |
| | | | ધનસુરા |
| | | | માલપુર |
| | | | મેઘરજ |
| | | | મોડાસા |
| ૬ | મહીસાગર | ખેડા અને પંચમહાલ | બાલાસીનોર |
| | | | વીરપુર |
| | | | કડાણા |
| | | | ખાનપુર |
| | | | લુણાવાડા |
| | | | સંતરામપુર |
| ૭ | મોરબી | રાજકોટ,જામનગર અને સુરેન્દ્રનગર | હળવદ |
| | | | માળીયા-મીયાણા |
| | | | મોરબી |
| | | | ટંકારા |
| | | | વાંકાનેર |

નવરચિત જિલ્લા/તાલુકાઓના મહેકમના પગાર ભથ્થા તેમજ કચેરી ખર્ચ માટે નીચેની સુચનાઓ અનુસાર કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

૧. નવરચિત જિલ્લાઓની નવી જિલ્લા કલેક્ટર કચેરી,પ્રાંત કચેરી અને નવા ઉભા કરાયેલ ૨૩ તાલુકાઓના મહેકમના પગારભથ્થાં અને કચેરી ખર્ચ નવા હુકમ કરવામાં ન આવે ત્યાં સુધી મુ.સ.૨૦૫૩ આયોજન સદરે કરવાનો રહેશે.આ માટેની અંદાજપત્રીય જોગવાઇ (આયોજન હેઠળ) નવરચિત ૦૭ જિલ્લાઓએ સ્વતંત્ર રીતે કરાવવાની રહેશે.વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં આ બાબતે જો પૂરતી જોગવાઇ આ નવરચિત જિલ્લાઓ દ્વારા કરવામાં ન આવી હોય તો નાણાવિભાગના તા.૮/૦૫/૨૦૧૪ના રોજના પરિપત્ર ક્રમાંક : અપબ/૧૦૨૦૧૪ /૧૦૩૧ક(બજેટ)ની સુચનાઓનુસાર ચાલુ નાણાકીય વર્ષના મોડિફાઇડ બજેટમાં તાત્કાલિક કરાવી લેવાની રહેશે.

૨. ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ આ નવરચિત ૦૭ જિલ્લામાં, મુળ અમદાવાદ,વડોદરા,પંચમહાલ, જામનગર, ખેડા,જુનાગઢ, ભાવનગર,સુરેન્દ્રનગર,સાબરકાંઠા અને રાજકોટ જિલ્લાના ૩૫ તાલુકા સમાવેશ પામ્યા છે/તબદિલ થયેલ છે. આ મુળ ૧૦ જિલ્લાઓએ વર્ષ ૨૦૧૪-૧૫ માટે આ તબદિલ થયેલ તાલુકા અને પ્રાંત કચેરીઓ (નવી ઉભી કરેલ ન હોય તેવી)ની બજેટ જોગવાઇ મુ.સ.૨૦૫૩-૦૦-૦૯૪-૦૧ આયોજન બહાર સદરે કરાવેલ હોય તો તે પૈકીની ગ્રાંટ; તેમના તબદિલ થયા હોય તે નવરચિત જિલ્લાના નિયંત્રક અધિકારીને તાત્કાલિક ફાળવવાની થશે.(ઉપર્યુક્ત કોષ્ટકના કોલમ નં.૨ મુજબ) અને તેના જરુરી હુકમો કરવાના રહેશે.

૩. ઉપર્યુક્ત પેરા નં.૨માં દર્શાવેલ ૧૦ મુળ જિલ્લાઓએ આ તબદિલ થયેલ તાલુકા અને પ્રાંત કચેરીઓ (નવી ઉભી કરેલ ન હોય તેવી)ની બજેટ જોગવાઇ મુ.સ.૨૦૫૩-૦૦-૦૯૪-૦૧ નોનપ્લાન સદરે ન કરાવેલ હોય અગર ચાલુ વર્ષ માટે તેમના જિલ્લાના તાલુકાઓ માટે આ સદરે મંજુર થયેલ બજેટ જોગવાઇમાંથી તબદિલ થયેલ તાલુકાઓના ખર્ચ કરી શકવા માટે પૂરતી જોગવાઇ ન હોય તો આ મુળ ૧૦ જિલ્લાઓ પૈકી તેવા જિલ્લાઓએ બજેટ પ્રભાગની " ઠ શાખા "ના પરામર્ષમાં સુધારેલ અંદાજ ૨૦૧૪-૧૫માં પુરતી જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૪. ચાલુ નાણાકીય વર્ષ પુરતુ ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના તબદિલ થયેલ તાલુકાઓની બજેટ જોગવાઇ,ગ્રાંટની ફાળવણી, સુધારેલ અંદાજ ૨૦૧૪-૧૫ અને તે અંગેની સબંધિત અન્ય કામગીરી નવરચિત ૦૭ જિલ્લાઓએ મુળ જુના ૧૦ જિલ્લાઓ સાથે કરવાની રહેશે અગર આ સદર/બાબત માટે નવરચિત જિલ્લાઓએ મુળ જુના જિલ્લા મારફત જ વિભાગ સાથે પત્રવ્યવહાર/કાર્યવાહી કરવાની રહેશે. નવરચિત જિલ્લાઓએ આ બાબતે વિભાગ સાથે સીધી કાર્યવાહી કરવાની થશે નહિ.

૫. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના સ્થાયી અંદાજો (આયોજન બહાર –Non Plan) અને તેને આનુસાંગિક કાર્યવાહી સબંધિત ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના તબદિલ થયેલ તાલુકાઓએ પોતાના નવરચિત જિલ્લા મારફત વિભાગને સીધા જ મોકલવાના રહેશે અને વિભાગ તરફથી તેની ગ્રાંટ પણ સીધી જ નવરચિત જિલ્લાને ફાળવવામાં આવશે. અર્થાત ઉપર્યુક્ત પેરા નં.૪ની સુચના ફક્ત ચાલુ નાણાકીય વર્ષ માટે જ અમ્લીત્વીત રહેશે.આ બાબતે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે અને પછીના વર્ષો માટે પણ આ નવા જિલ્લાઓએ સ્વતંત્ર રીતે વિભાગની સુચનાઓ હેઠળ આ તબદિલ થયેલ તાલુકાઓના મહેકમના સ્થાયી અંદાજો મુ.સ.૨૦૫૩-૦૦-૦૯૪-૦૧ નોનપ્લાન સદરે સીધા જ વિભાગને મોકલવાના રહેશે.

૬. સમાનાંકી ફાઇલ પર નાણા સલાહકારશ્રી (મહેસુલ વિભાગ)ની મંજુરી મેળવવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.જી.પંડ્યા )
ઉપસચિવ (સેવા)
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી (મ.વિ.)ના રહસ્ય સચિવશ્રી ,મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.(સવિનય જાણ સારુ)
- કલેક્ટરશ્રી અમદાવાદ,વડોદરા,પંચમહાલ,જામનગર,ખેડા,જુનાગઢ,ભાવનગર,સુરેન્દ્રનગર,સાબરકાંઠા, રાજકોટ,દેવભુમિ દ્વારકા,મહિસાગર,અરવલ્લી,છોટા ઉદેપુર,ગીર સોમનાથ,બોટાદ અને મોરબી,
- જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ અમદાવાદ,વડોદરા,પંચમહાલ,જામનગર,ખેડા,જુનાગઢ,ભાવનગર, સુરેન્દ્રનગર,સાબરકાંઠા,રાજકોટ,દેવભુમિ દ્વારકા,મહિસાગર,અરવલ્લી,છોટા ઉદેપુર,ગીર સોમનાથ,બોટાદ અને મોરબી,
- મહાલેખાકારશ્રી,અમદાવાદ અને રાજકોટ.
- નાયબ સચિવશ્રી (બજેટ),મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ક શાખા (બજેટ),નાણાવિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- મામલતદારશ્રી, IT સેલ,મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર મુકવા સારુ)
- શાખા સીલેક્ટ ફાઇલ.